

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*બેન્ક ને નોટો માટે રોજ નવા ફતવા આવે છે,*
*નવી-જૂની મળ્યાની રોજ નવી અફવા આવે છે,*
*જેટલી રવાડે ચઢ્યા હવે ભરાયા છે ભેખડે -*
*અર્થતંત્ર રાફડે નાખ્યો હાથ, પતવા આવ્યા છે...*
*(આબરૂ દાવ પર)*

### હાઈકુ

*નોટબંધી છે,*
*વોટ માટેની દોટ -*
*પાયામાં ખોટ...*
*(આંધળુકીયું)*

*પ્રતિષ્ઠા ગઢે,*
*તઘલખી નિર્ણયે -*
*પડયું ગાબડું....*

### ચિંતન

*બિનુ સંતોષ ન કામ નસાહીં, કામ અછત સુખ સપને હું નાહી ।*
*રામ ભજન બિનુ મિટહિં નકામા, વ્થલ બિહિન તરૂ કબહું કિજામા ॥*

ઉપરોક્ત ચોપાઈ ઉત્તરખાંડમાંથી લેવામાં આવેલ છે.

સંતોષ વિના કામનાઓ નાશ જ પામે, અને એવી કામનાઓ સ્વપ્નમાં પણ સુખ શાંતિ ન આપે. તેથી શ્રી રામની ભજન-ભક્તિ વિના કામનાઓનો નાશ ન થઈ શકે. જમીન વિના વૃક્ષ કદી ઊગી શકે ?

ઉત્પાદક પોચી-સારી ખેતી લાયક જમીનમાં જ વૃક્ષ ઉગે - ખડકાઉ પથ્થરમાં ઝાડ, જેમ ઊગતું નથી - તેમ જીવનમાં 'રામભક્તિ' હોય તો જ સત્સંગ - ઉગે, સત્સંગ હોય તો જ 'સંતોષ' નો સદ્‌ગુણ આવે અને 'સંતોષીનર નર સદા સુખી' એટલે કહ્યું છે કે સંતોષી ને કોઈ જ પ્રકારની ઈચ્છાઓ જ હોતી નથી - ઈશ્વરે આપેલાંમાં જ એ આનંદ અનુભવે છે. સંતોષ કામનાઓ-ઈચ્છાઓ-અપેક્ષાઓ માગણીઓનો નાશ કરે છે.

### સુવિચાર

- શોભતી ક્ષમા વીરને, હૈયું નિર્મળ હોય... ત્યાં બખ્તર શા કામનું, ભૂષણ ક્ષમા હોય - **હરસુર ગઢવી**
- જીવનમાં સૌથી મોટી હાનિ એ મૃત્યુ નથી, સૌથી મોટી હાનિ તો આપણે જીવતા હોઈએ ત્યારે આપણી અંદર જે મરી રહ્યું હોય છે તે છે - **નોર્મન કઝીન્સ**
- 'સુક્ષ્મવિનોદ' વાતચીતમાં સબરસ કે ચટણીનું કામ કરે છે... ભોજનનું નહિં - **ઈલીયટ**
- કોઈનું દુઃખ જોઈને આંખમાં આંસુ ન આવે તો માણસ થયાં શા કામનાં ? - **ઈલા આરબ મહેતા**
- વેરવૃત્તિથી સામેવાળા ને ખતમ કરી શકાય પણ તેમાં આપણે પણ ખતમ થઈ જતા હોઈએ છીએ - **ઝેન કથન**
- કોઈ કલાક ૬૦ મિનિટની લાંબો હોતો નથી - **રજનીશ**
- આજનું ઔષધ : નાના બાળકોને નિયમિત તલ ખવડાવવાથી રાત્રે ઊંઘમાં પેશાબ કરતા હોય તો અટકે છે.

**(સંકલન : દિપક વી. આસરા)**

### બોધકથા

પોતાના ત્યાગ-સમર્પણ-તપના પણ વારંવાર કોઈ પાસે ઉલ્લેખ કરી વખાણ કરવા એ પણ એક જાતનો અહંકાર છે.

એક મહાત્મા વ્યાખ્યાન અને બોધ ખૂબ સરસ આપતા પણ વ્યાખ્યાનમાં હું પદ આવી જતું - સંત એકલા ઝૂંપડીમાં સરળ જિંદગી જીવતા - લોકો દૂધ-ફળ-ફૂલ આપી જતા તેથી કોઈ ચિંતા નો'તી. ક્રોધ કરે કોના પર? આમ છતાં દરેક વ્યાખ્યાનમાં 'મેં ક્રોધ પર કાબૂ મેળવી લીધો છે.' એ વાત અવાર-નવાર અલગ સ્વરૂપે આવતી.

એક શ્રોતાને, મહાત્માનું અભિમાન ઉતારવાનું મન થયું. વેશ - બદલી -સંતની કુટિરે ગયો. કહ્યું મારા'જ મારે ચૂલો પ્રગટાવવો છે. આપની ધૂણીમાંથી એક અંગારો આપો ને!

સંત કહે - હમણાં ઘણા સમયથી ધૂણો પ્રગટાવ્યો નથી અંગારો નથી. આવનારે વારંવાર વિનંતી કરી - પણ ઉથલાવીને જુઓ તો ખરા ! સંત કહે ભાઈ મને ખબર છે અંગારો નથી. પેલો કહે - પણ ધૂમાડો તો નિકળે છે ને! ભાઈ એ રાખ ઉડી, ધૂમાડો નથી. પેલાએ આગ્રહ કર્યો - છે પણ તમારે આપવો નથી. સંતે ગુસ્સે થઈ ચીપીયો ઉપાડ્યો કહ્યું જાય છે કે મારું ચીપીયો ! પેલો હસતે હસતે મહારાજ, તમારામાં આગ પણ છે અને તેના અંગારા પણ ઉડે છે... મા'રાજ હવે સમજ્યા...

# રાહુલ ગાંધીનો પુણ્યપ્રકોપ

**તંત્રીસ્થાનેથી...**

રાહુલ ગાંધીએ ઉત્તર ગુજરાતના પાટનગર સમા મહેસાણા શહેરમાં રંગી જેલી સંબોધીને કેન્દ્ર અને સવિશેષ મહેસાણા જિલ્લાના જ વતની એવા વડાપ્રધાન સામે ઊભા કરેલા પ્રશ્નાર્થો ઘણા ગંભીર છે, અલબત્ત, આ તમામ પ્રશ્નો રાજકીય હેતુ પ્રેરિત જ હોઈ શકે છે, પણ વિપક્ષ પાસે પ્રજાને આવી રાજકીય જાગૃતિની અપેક્ષા રહે છે, તે પણ હકીકત છે.

રાહુલ ગાંધીને 'પપ્પુ' કહી ઉતારી પાડનારા પણ એમના પાંત્રીસ મિનિટના આક્રમ ભાષણથી અને એમને કાળાં નાણાં અંગે કરેલ રજૂઆતથી ચિંતામાં તો મુકાઈ જ ગયા છે. નરેન્દ્ર મોદીના ગઢમાં આવીને એમણે મોદીને પડકાર્યા છે. વળી નોટબંધીના કારણે મધ્યમ વર્ગ અને નીચલા થરના લોકોથી માંડી ખેડૂતો તથા ગૃહિણીઓને પડી રહેલી તકલીફ સામે માલેતુજાર વર્ગને આ નિર્ણયથી કોઈ જ અસર નહીં થઈ હોવાનો એમનો તર્ક પણ લોકોને જાત અનુભવના આધારે ગળે ઊતરે એવો હતો. નોટબંધી કરીને દેશને સમૃદ્ધ પરિવારોમાં કાળાં નાણાં ધોળાં કરી આપવાના કે એમના દેવા માફ કરવાના આક્ષેપ સામે કેન્દ્ર સરકારે સ્પષ્ટતા કરવી જ રહી. કહેવાતા ગરીબોના હિતમાં લીધેલા આ નિર્ણયમાં તાતા-બિરલા કે અંબાણી અને સહારા જેવા મોટાં ઉદ્યોગગૃહોને કેટલું નુકશાન થયું તે મુદ્દે કેન્દ્ર મૌન જ છે.

ભાગ્યે જ કોઈ માનવા તૈયાર થશે કે કાળાં નાણાં ફક્ત મધ્યમ કક્ષાના ટેક્સ પેયરો પાસે જ હોઈ શકે. રાહુલ ગાંધીની એ વાતમાં પણ તથ્ય છે કે મોટા ભાગનાં કાળાં નાણાં તો જમીન અને હીરા ઝવેરાત કે સોનામાં જ રોકાયેલાં હોય છે.

કેન્દ્ર સરકારે ક્રિકેટ કૌભાંડી મોદી અને વિજય માલ્યાને છટકી જવા દીધા બલકે માલ્યાનું દેવું સુધ્ધાં માફ કરાવ્યું તે જરૂર બહુ જ મોટો પ્રશ્નાર્થ છે. એ જ રીતે જાણીતાં ઉદ્યોગગૃહો તરફથી નરેન્દ્ર મોદીને અપાયેલા નાણાંની તારીજ પર રાહુલ ગાંધીએ જાહેરસભા સમક્ષ રજૂ કરી છે. જો કે આ મુદ્દે પ્રશાંત ભૂષણે પણ ઉઠાવેલો છે અને સુપ્રીમ કોર્ટે એના વધુ પુરાવા માગેલ છે, તેથી શાક પક્ષને એની દલીલ કરવાની તક રહે છે એ મુદ્દો સબજયુજિસ છે. અથવા ખુદ સર્વોચ્ચ અદાલતે એને ગંભીરતાથી લીધેલ નથી. વળી સરકારના પ્રવક્તા મંત્રી રવિશંકર પ્રસાદે વડાપ્રધાનનો બચાવ કરતાં એમણે ગંગા સમાન પવિત્ર ગણાવ્યા છે અને રાહુલ ગાંધી કે સોનિયા ગાંધી ઓગસ્ટા વેસ્ટલેન્ડ હેલિકોપ્ટર કૌભાંડમાં એમની કહેવાતી સંડોવણીથી લોકોનું ધ્યાન બીજે હટાવવા આવા આક્ષેપો કરી રહ્યા છે, એવો ખુલાસો કર્યો છે.

રાહુલ ગાંધી કે સોનિયા ગાંધી આવા કોઈ કૌભાંડમાં દોષિત હોય તો સરકારે એમની સામે પણ તત્કાલીન એર ચીફ માર્શલ વિરુદ્ધ લીધાં એવાં પગલાં કેમ નથી લીધાં? પ્રજાને આવા પ્રશ્નો પણ થવાના.

# અતિથિ દેવ છે – મારૂં જ સ્વરૂપ છે



## અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

દક્ષિણ ભારતના કરિકાલ ગામનાં નગરશેઠ ધનદત્ત નિઃસંતાન હતા. સંતાનમાં એમને દીકરી મળે એવી પ્રાર્થના ભગવાન શંકરને કરતા. એમની પ્રાર્થના ફળી અને ઘરે પુત્રીનો જન્મ થયો. પ્રભુની પ્રસાદી તો પવિત્ર જ ગણાય. એની નામ પુનિતાવતી રાખ્યું. દીકરીને પણ શિવઉપાસનાનો વારસો હતો.

પુનિતાવતીનાં લગ્ન બાજુના ગામના નાગપત્તનના નગરશેઠના પુત્ર પરમદત્ત સાથે થયાં. બંનેનો સુખી ઘરસંસાર શરુ થયો. પુનિતાવતીને માટે અતિથિ દેવ સમાન હતા. આખા પંથકમાં એમનું આતિથ્ય જાણીતું થયું. એમને ઘરે સવારસાંજ અતિથિઓ આવ્યા જ કરે. પુનિતાવતી જાતે રસોઈ કરીને સૌને જમાડે. એક પ્રેમાળ માતાની જેમ જમાડે. જમાડ્યા પછી જે વધ્યું હોય તે પ્રસાદીનું અમૃત હોય હોય એ રીતે જમે. પરમદત્ત વેપારી હતો. પેઢી ઉપરથી આવે પછી જમે.

એકવાર કોઈ સન્યાસી જતી વખતે બે કરી આપતા ગયા. પરમદત્ત પેઢીએ ગયો. પછી તરત અતિથિ આવ્યો. રસોઈ તૈયાર ન હતી, તો પુનિતાવતીએ એક કેરી દૂધ સાથે આપી દીધી.

સાંજે પરમદત્ત આવ્યો અને જમવા બેઠો. પુનિતાવતીએ થાળીમાં એક કેરી મૂકી. ખાઈ લીધા પછી એણે બીજી કેરી માગી. પુનિતાવતીએ ભગવાન શંકર પાસે માગી તો તરત તેના ખોળામાં આવી પડી! પરમદત્તે એ ખાધી તો પહેલાં કરતાં વધુ સ્વાદિષ્ટ હતી. પરમદત્તને આશ્ચર્ય થયું. એણે પત્ની પાસે આશ્ચર્ય પ્રગટ કર્યુ; ત્યારે એણે બનેલી ઘટના કહી દીધી, એકદમ સાહજિક રીતે જ કહી દીધી. પરમદત્ત રાજી થયો. એક કેરી જેવી સામાન્ય બાબતમાં ભગવાન આને હાજરાહજૂર છે; એની એને પ્રતીતિ થઈ.


પરંતુ હવે એને મનોમંથન શરુ થયું - 'હું તો મોહ અને લોભથી ભરેલો સામાન્ય માણસ છું; અને આ તો દેવી - સ્વરૂપા આરાધ્યા છે. આને તો ભગવાન પ્રત્યક્ષ છે. આના ઉપર મારાથી પતિભાવે અધિકાર કઈ રીતે ભોગવી શકાય.'

આથી એણે એકવાર પત્નીને કહ્યું, 'પેઢીના વિકાસ માટે મારે પરદેશ જવું છે. એકાદ વરસે પાચો આવીશ.' પત્નીએ સંમતિ આપી.

પરમદત્ત મદુરાઈ આવ્યો. વેપારમાં પડ્યો. એણે લગ્ન કર્યા. બીજી પત્નીથી એને પુત્રી જન્મી. પરમદત્તે એનું નામ પુનિતાવતી પાડ્યું.

પત્ની પુનિતાવતીને, જતા આવતા અતિથિ મારફત પોતાના પતિની ભાળ મળી. એ રાજી થઈ. એ મદુરાઈમાં પોતાના પતિને મળી. પરમદત્ત એને પગે પડ્યો અને પોતાની મનોવ્યથા સમજાવી. પુનિતાવતીએ કહ્યું, 'મારું યૌવન, મારું અસ્તિત્વ તમને જ સમર્પિત છે - છતાં જેવી તમારી ઈચ્છા.'

પુનિતાવતી કરિકાલ પાછી આવી ગઈ. એણે દઢ નિર્ણય કરી લીધો. પોતાની ધનસંપત્તિ અતિથિઓને દાનમાં આપવા માંડી અને અકિંચન થઈ ગઈ. એને 'હેમાળો ગળવા' જવું હતું. સદેહે કૈલાસ વાસ કરવો હતો. કાલથી કૈલાસ જવા ઊપડી. એ ભાખોડિયા ભરતી ભરતી જતી હતી - પગે ચાલીને નહિ.



દેવી પાર્વતીએ ભગવાન પાસે આશ્ચર્ય પ્રગટ કર્યું.

- આ કઈ ભક્ત સ્ત્રી આપણી પાસે આવી રહી છે ?'

'શંકરે કહ્યું, 'આ આવે છે એ મારી માતા છે. એણે અત્યાર સુધી એક માતાની જેમ અતિથિઓને સાચવ્યા છે. અતિથિ દેવ છે - મારું જ સ્વરુપ છે. એ સંબંધે મારી માતા છે.'

શિવ પાર્વતી એને આવકારવા સામે આવ્યા. શિવે એને ઊભી કરીને પૂછ્યું. 'મારી મા, કુશળ છે ને?'

# ગિરનારમાં આવેલ સુદર્શન તળાવનું સમારકામ કોણે કરાવ્યું હતું ?

## ગુજરાતનો ઇતિહાસ



## ખજાનો

અનિલ પટેલ

(૧) અલ્લાઉદ્દીન ખીલજીએ કોના શાસનકાળ દરમિયાન ગુજરાત પર ચઢાઈ કરી ?
(અ) ભીમદેવ (બ) કર્ણદેવ વાઘેલા
(ક) સિદ્ધરાજ જયસિંહ (ડ) વીસલદેવ

(૨) અહમદ શાહે અમદાવાદ સિવાય બીજા કયા શહેરની સ્થાપના કરી હતી ?
(અ) હિંમતનગર (બ) ડભોઈ
(ક) ખંભાત (ડ) વિરમગામ

(૩) આશાવલનું નામ બદલીને કર્ણાવતી કોણે કર્યું?
(અ) મહમદ બેગડાએ (બ) ભીમદેવ
(ક) જહાંગીર (ડ) કર્ણદેવ સોલંકી

(૪) ગુજરાતમાં મુઘલ સલ્તનતની સ્થાપના કોણે કરી ?
(અ) અકબર (બ) હુમાયુ
(ક) શાહજહાં (ડ) ઔરંગઝેબ

(૫) ગુજરાતમાં મરાઠા શાસનનો પ્રારંભ કયારથી થયો ?
(અ) ૧૭૫૦ (બ) ૧૭૫૭
(ક) ૧૭૬૦ (ડ) ૧૭૬૫

(૬) હુમાયુએ અમદાવાદ પર કેટલો સમય શાસન કર્યું ?
(અ) ૫ વર્ષ (બ) ૩ વર્ષ
(ક) ૧ વર્ષ (ડ) ૯ માસ

(૭) ડૉ. હરિ હર્ષદ ધ્રુવ અન ઉકાભાઈ પરભુદાસે કઈ સંસ્થાની શરુઆત કરી હતી ?
(અ) પ્રજાહિત વર્ધક સભા (બ) પ્રજા સુરક્ષા સભા
(ક) પ્રજા જાગૃતિ સભા (ડ) પ્રજા જનસભા

(૮) ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ કયુ અખબાર ચલાવતા હતા ?
(અ) સ્વદેશી (બ) આઝાદ દૈનિક
(ક) સ્વતંત્રતા (ડ) જયહિંદ

(૯) અમદાવાદમાં એનીબેસન્ટની હોમરૂલ લીગની શાખા કોણે સ્થાપી હતી?
(અ) મગનભાઈ દેસાઈ (બ) વિઠ્ઠલભાઈ કોઠારી
(ક) મગનભાઈ પટેલ (ડ) મોરારજી દેસાઈ

(૧૦) 'નવજીવન' અને 'યંગ ઈન્ડિયા' સાપ્તાહિકો કોણ ચલાવતું હતું?
(અ) બાળગંગાધર તિલક (બ) વિનોબા બાવે
(ક) ગાંધીજી (ડ) એસ. રાધાકૃષ્ણન

(૧૧) બોરસદ સત્યાગ્રહની આગેવાની કોણે લીધી હતી?
(અ) વલ્લભભાઈ પટેલ (બ) વિઠ્ઠલભાઈ પટેલ
(ક) વિનોબા ભાવે (ડ) દરબાર ગોપાળદાસ

(૧૨) કયો સત્યાગ્રહના સફળ નેતૃત્વ માટે વલ્લભભાઈ પટેલને 'સરદાર'ની ઉપાધી મળી?
(અ) બોરસદ સત્યાગ્રહ (બ) બારડોલી સત્યાગ્રહ
(ક) ચંપારણ સત્યાગ્રહ (ડ) મીઠાનો સત્યાગ્રહ

(૧૩) બોમ્બ બનાવવા અંગેની 'ગેરીલા વોરફેર' પુસ્તિકા કોણે પ્રગટ કરી હતી ?
(અ)છોટુભાઈ પુરાણી (બ) અંબુભાઈ પુરાણી
(ક) ઈન્દુલાલ યાજ્ઞિક (ડ) મોહનલાલ પંડ્યા

(૧૪) ગિરનારમાં આવેલ સુદર્શન તળાવનું સમારકામ કોણે કરાવ્યું હતું ?
(અ) શિલાદિત્યે (બ) સ્કંદગુપ્તે
(ક) વત્સ રાજે (ડ) રૂદ્રદામાએ

(૧૫) ગૂર્જરોનો સૌપ્રથમ ઉલ્લેખ કયા ગ્રંથમાં આવે છે?
(અ) ગુર્જરધરા (બ) હર્ષચરિત્ર
(ક) સિદ્ધહેમ (ડ) ગુર્જરભૂમિ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- **૨૩ ડિસેમ્બર ૧૮૨૨ : સેબસ્ટીયન વિલ્હેમ વેલેન્ટીન બુચર :** જર્મન વૈજ્ઞાનિક, સબમરીનના શોધક.
- **૨૩ ડિસેમ્બર ૧૮૧૦ : કાર્લ રિચાર્ડ લેપ્સીયસ :** જર્મન ઈજીપ્ટોલોજીસ્ટ, આર્કિયોલોજીની સાયન્ટીફીક મેથડના પ્રણેતા
- **૨૪ ડિસેમ્બર ૧૮૧૮ : જેમ્સ પ્રેસકોટ જૂલ :** ઈંગ્લીશ ભૌતિકશાસ્ત્રી. ઉર્જાના વિવિધ સ્વરુપો પર સંશોધન કરનાર
- **૨૪ ડિસેમ્બર ૧૮૦૦ : ફેર્ડીનાલ કેલર :** સ્વીઝ આર્કીયોલોજીસ્ટ, સ્વિત્ઝર્લેન્ડના જ્યુરીક કાતે આવેલ સરોવર પર સંશોધન કરનાર
- **૨૫ ડિસેમ્બર ૧૮૫૧ : જર્મન-અમેરીકન :** પેટ્રોલિયમ સાયન્ટીસ્ટ સલ્ફરના ખનીજમાંથી સલ્ફર મેળવવાની પદ્ધતિ આપનાર.
- **૨૫ ડિસેમ્બર ૧૮૩૭ : વ્હાલ્દમીર વેસીલેવીચ માર્કોનીવીકો :** રશિયન ઓર્ગેનીક કેમીસ્ટ, હાઈડ્રોજન તથા કાર્બનનાં સંયોજકો પર સંશોધન કરનાર
- **૨૬ ડિસેમ્બર ૧૮૩૮ : કલેમન્સ એલેક્ષઝેન્ડર વીન્કલર :** જર્મન કેમીસ્ટ, જર્મેનીયનની ૧૮૮૬માં શોધ કરનાર
- **૨૬ ડિસેમ્બર ૧૮૨૫ : અર્નેસ્ટ ફેલીક્સ હોપ - સેયલર :** જર્મન ફીઝીશીયન બાયોકેમીસ્ટ્રીના પાયોનિયર.
- **૨૭ ડિસેમ્બર ૧૮૬૦ : ડેવિડ હેનરીક બેરજીયા :** અમેરીકન બેકટેરીયોલોજીસ્ટ બેકટેરીયન ટેક્ષોનોમી પર સંશોધન કરનાર
- **૨૭ ડિસેમ્બર ૧૮૫૧ : પીયરસી ગીલચિસ્ટ :** ઈંગ્લીશ મટેરીયાલોજીસ્ટ. લો-ફોસ્ફરસ સ્ટીલ પ્રોસેસ આપનાર
- **૨૮ ડિસેમ્બર ૧૮૯૮ : કાર્લ ગસ્ટફ રોસ્બી :** સ્વીડીશ - અમેરીકન મીટીરીયોલોજીસ્ટ, વાતાવરણમાં થતા બદલાવ સંદર્ભે સંસોધન કરનાર
- **૨૮ ડિસેમ્બર ૧૮૯૪ : અર્લ્ફર્ડ શેરવુડ રોમર :** અમેરીકન પેન્ટોલોજીસ્ટ, એમ્બ્રીયોલોજી પર સંશોધન કરનાર
- **૨૯ ડિસેમ્બર ૧૮૩૬ : જ્યોર્જ અગસ્ટ સ્વેવીન ફર્ડ :** જર્મન બોટાનીસ્ટ. પૂર્વ આફ્રિકાના જંગલોમાં ફુગ અને લીલ પર સંશોધન કરનાર
- **૨૯ ડિસેમ્બર ૧૮૧૬ : કાર્લ ફ્રેન્ડરીચ વિલ્હેમ લુડીંગ :** જર્મન ફીઝીયોલોજીસ્ટ અને બાયોકેમીસ્ટ, કીડનીના ફંકશન પર સંશોધન કરનાર

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**સવાલ : છત્તીસગઢના હાલના મુખ્યમંત્રી કોણ છે**

**જવાબ : ૧૯૯૧માં**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત એમ. રાવલ : સે-૭ડી, ૧૨૨૨/૨ (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મૂળજીભાઈ પરમાર 'દધિ' : સે-૭બી (૪) જયેન્દ્રપ્રસાદ એન પાઠક : ઈન્ફોસીટી, જુ.સા.કૉલેજ (૫) હાર્દિક. એન. ભટ્ટ : સે-૨૪ (૬) અનિકેત સુમેસરા : સે-૨૪, ૫૯૬, આદર્શનગર (૭) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**એમ.જી. રામારાવે તમિલનાડુમાં કયા પક્ષની રચના કરી હતી?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ,**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

[illegible]

# અધ્યાત્મિક સમજ અને સ્વાસ્થ્ય

(ભાગ -૨)

ગયા અંકમાં આપણે ચેતન સ્વામીની વાત કરી. ચેતન સ્વામી સવારે ૫ વાગે ઉઠીને સવારની દરેક ક્રિયાઓ પતાવી માનસી પૂજા કરતા અને ભક્તોના પ્રશ્નો માનસીપૂજામાં ભગવાનને પૂછતાં અને ભગવાન જે કઈ સમાધાન માટે કહેતા તે ચેતન સ્વામી તેમના ભક્તો ને કહેતા અને ભક્તોનું દુઃખનું નિરાકરણ થઈ જતું ગયા વખતે ચર્ચા કરી હતી કે માનસીપૂજા એટલે શું આ અંક માં ફરી એકવાર માનસી પૂજા એટલે શું તેનું અવલોકન કરી લઈએ સવારે પવિત્ર થઈ એકદમ નોર્મલ થઈ બધાજ વિચારો બધા જ આવેગો ને નોર્મલ કરી આંખો બંધ કરી તમારા જે કોઈ આરાધ્ય દેવ હોય તેને બોલાવી તેમની સાથે તમારા પ્રશ્નોનું ખુલ્લા દિલથી ચર્ચા કરો તમને તમારા પ્રશ્નોનું નિરાકરણ બહુજ સહેલીથી થઈ જશે. સવાલ એટલો કે તમારી સ્થિતિ સ્થિતપ્રગ્ન હોવી જોઈએ એટલે કે એકદમ નોર્મલ જ હોવી જોઈએ, કોઈના માટે અથવા તો કોઈ મનુષ્ય માટે તમારા મનમાં કોઈ ખરાબ ભાવના હોય બધા જ ભાગવાનના સંતાનો છે. બધા જ ભગવાનનું કાર્ય કરવા માટે આ પૃથ્વી પર આવ્યા છે અને બધાએ સારું કામ કરવાનું છે ખ્રિસ્તી ધર્મમાં તો વર્ષોથી કન્ફેશન બોક્ષ નો નિયમ છે તમે કોઈ પણ પાપ કરો કન્ફેશન બોક્ષમાં જાઓ પાદરીની સમક્ષ તમારા પાપની કબુલાત કરો પાદરી શાંતિથી સાંભળે અને એ પાપ ને પુણ્યમાં બદલવા માટે તમને સલાહ આપે એવી જ રીતે માનસી પૂજામાં તો તમે ભગવાન અથવા માતાજી સમક્ષ સીધી વાત કરી શકો છો એટલે તમને તરત જ એક સુંદર જવાબ મળી જશે...



## તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડો. દિનેશ રાઠોડ

ગયા અંકમાં માનવીની ત્રણ મનોદશા ઉપર વાત કરી. જેમાં ઉત્તમ મન એટલે કે ઉત્તમ મનુષ્ય, મધ્યમ મન એટલે મધ્યમ માનવી અને કનિષ્ક મન એટલે ખરાબ માનવીની ચર્ચા કરી પહેલા કનિષ્ક મનની ચર્ચા કરીએ કનિષ્ક મન વાળો માનવી પોતાના મનને એવી રીતે કેળવે છે કે હુજ સાચો, હું કરું એમજ થાય મારુજ ચાલે બીજા બધા જ ખોટા છે હું એકલો જ હોશિયાર છું બધા નિર્ણય લેવાનો મને અધિકાર છે અને હું જે નિર્ણય લઉં તે બધાએ માનવો જ રહ્યો આ કનિષ્ક મન. હવે માધ્યમ મનની વાત કરીએ આ પ્રકારનો માનવી એમ સમજે છે કે હું કહું એમ થાય તો બહું સારું છે અને ના થાય તો પણ સારું છે પણ ઊંડે ઊંડે એની ઈચ્છા એવી હોય છે કે હું કહું એમ થવું જોઈએ અને કદાચ ના થાય તો ઈશ્વરની ઈચ્છા મતલબ કે નરોવા કુંજરોવા એટલે થાય તો મારી મરજી અને ના થાય તો ભગવાનની મરજી.

હવે ત્રીજા પ્રકારના મનુષ્ય ની વાત કરીએ જે ને આપને ઉત્તમ કક્ષાનું મન કહીએ છીએ અથવા તો મનુષ્ય કહીએ છીએ જે મનુષ્ય હમેશા એમજ વિચારતો હોય છે કે મારા જીવન માં જે કઈ પ્રસંગો બને છે સારા,નરસા એ બધાજ પ્રસંગો બને છે એમાં ભગવાન ની ઈચ્છા છે અને ભગવાન અને માતાજીની ઈચ્છા પ્રમાંણે જ થાય છે એટલે ભગવાનની ઈચ્છામાં મારી ઈચ્છાઓ સમાયેલી છે આ ઉત્તમ પ્રકારના મનુષ્યો હમેશા આનંદમાં જ હોય છે જીવનમાં ઘણી તકલીફો હોય માનશિક અથવા શારીરિક એ દરેક પરિસ્થિતિમાં આનંદમાં જ હોય છે ત્યારે સવાલ એ થાય આ કહેવું બહુ સહેલું છે પણ ખરેખર અનુભવવું ખુબ અઘરું છે આ વાત સ્વામિનારાયણ ભગવાનને પોતાના પવિત્ર ગ્રંથ વચનામૃતમાં કહેલી છે માટે આ સત્ય છે હવે થોડા દાખલા લઈએ, રમીલા બેનને જડબાનું કેન્સર થયું ક્યારે પણ તમાકુ નહિ, બીડી નહિ, શરાબ નહી, અરે ચા પણ પિતા ન ધાણાની દાળ પણ ખાતા નથી છતાં પણ રમીલાબેનને જડબાનું કેન્સર થયું રમીલા બેન ઉત્તમ કક્ષા નું માનસ ધરાવતા હતા. રમીલાબેનને સર્વે સ્વજનોને કહ્યું, આમાં પણ ભગવાનની કૈક સારી મરજી હશે. ભાઈ બહુ તકલીફ પડે કશું પણ આડુંઅવળું ખાધા વગર જડબાનું કેન્સર થાય અને એવું કહેવું કે ભગવાનની મરજી બહુ ઊંચી વાત છે પણ એમાં રમીલાબેન ને બહુ જ ઓછી તકલીફ હોય જયારે તેમને સ્વજનો ને દુઃખનો પહાડ તૂટી પડ્યો હોય આમાં પણ સમાજશક્તિ ઉત્તમ માણસનો જ દાખલો બેસાડી શકાય એમ છે. હવે જોઈએ કનીસ્ક મન ની વાત ભૂમિ બેન ને ૪૦ વર્ષે ડાયાબીટીસ આવ્યો ભૂખ્યાપેટનું એટલે FBS -300 મીલીગ્રામ આવ્યું જયારે જમ્યા પાછી ૨ કલાકનું પરિણામ ૪૮૦ મીલીગ્રામ આવ્યું ભૂમીબેન પહેલા તો માનવા જ તૈયાર નહોતા. પણ એ સત્ય હતું એમનું ૩ મહિનાનું એવરેજ ડાયાબીટીસ ૧૩ આવ્યું જે નોર્મલ માણસમાં ૫ ની આજુબાજુ હોય. ભૂમિબેન ભાંગી ગયા... આખા ઘરમાં માતમ છવાઈ ગયો અરે,.. રે ભગવાન તમે આ શું માંડ્યું છે? મને ડાયાબીટીસ હવે મારું બધુ જ ખાવા પીવાનું બંધ મને ખંડ વાડી વસ્તુ એટલી બધી ભાવે છે હવે મારે ખાવાનું શું ?૪૦ વર્ષ નીનાની ઉંમરે ભગવાને મારી સામે અન્યાય કર્યો છે જોજો કોઈને પણ ખબર ના પડે કે મને ડાયાબીટીસ થયો છે કોઈ સગા સબંધીને જાણ ના થવી જોઈએ કે મને ડાયાબીટીસ થયો છે, લેબોરેટરીવાળા ને કહી દો કે મારા નામનો એક નોર્મલ રીપોર્ટ આપી દે કે જેમાં ડાયાબિટીસ ન હોય. હું ખાનગીમાં દવા ખાઈસ પણ કોઈને ખબર ના પડવી જોઈએ કે મને ડાયાબીટીસ છે. મારી બહેનપણીઓ આપણી જ્ઞાતિ દરેક આપણા ઘર સિવાય કોઈને ખબર ના પડવી

અનુસંધાન પાના નં. ૭ પર